HARIVANDANA EDUCATION TRUST

**HARIVANDANA College**
(Affiliated to Saurashtra University)

તારીખ: ૩૧–૦૮–૨૦૨૨, બુધવાર

**માત્ર SY અને TYના વિદ્યાર્થીઓ માટે**

# નેશનલ સ્કૉલરશિપ પોર્ટલ અંતર્ગત સ્કૉલરશિપ રિન્યૂઅલ અરજી માટેની સૂચના

આથી **હરિવંદના કોલેજના** તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે ચાલુ શૈક્ષણિક વર્ષ **૨૦૨૨–૨૩ માટે નેશનલ સ્કૉલરશિપ પોર્ટલ દ્વારા** વિવિધ શિક્ષણ સહાય આપવામાં આવે છે. આ સહાય મેળવવા માટે વિદ્યાર્થીએ https://scholarships.gov.in પર રિન્યૂઅલ અરજી કરવાની રહે છે. વિદ્યાર્થીએ પોર્ટલ પર રિન્યૂઅલ અરજી કરતી વખતે પોર્ટલમાં આપેલ નિયત નમુનાનું **BONAFIDE CERTIFICATE** ડાઉનલોડ કરી તા. **૦૧–૦૯–૨૦૨૨, ગુરુવાર થી ૧૫–૦૯–૨૦૨૨, ગુરુવાર સુધીમાં** આચાર્યશ્રીના સહી સિક્કા કરવા માટે કોલેજના એડમીન વિભાગમાં **સવારે ૧૦:૩૦ થી ૦૧:૦૦ સુધીમાં** આપી જવાનું રહેશે. સહી સિક્કા કરેલું બોનાફાઇડ પોર્ટલ પર અપલોડ કરી નીચે જણાવેલ તમામ ડોક્યુમેંટ્સની ઝેરોક્ષ વિદ્યાર્થીએ સહી કરી **તા. ૧૫–૦૯–૨૦૨૨, ગુરુવાર થી તા. ૩૦–૦૯–૨૦૨૨, શુક્રવાર સુધીમાં વેરિફિકેશન માટે** કોલેજના એડમીન વિભાગમાં **સવારે ૧૦:૩૦ થી ૦૧:૦૦ સુધીમાં** આપી જવાનું રહેશે.

**ખાસ નોંધ:** નેશનલ સ્કૉલરશિપ પોર્ટલ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી સ્કૉલરશિપ મેળવવા પોર્ટલ પરથી ડાઉનલોડ કરેલું નિયત વિગતો વાળું **બોનાફાઇડ સર્ટિફિકેટ તથા નીચે દર્શાવેલ તમામ ડોક્યુમેંટ્સની ઝેરોક્ષ** વિદ્યાર્થીએ **કોલેજમાં ફરજિયાત જમા કરાવવાની રહેશે.** અરજી ફોર્મ કે ઝેરોક્ષ જમા કરાવ્યા વિના કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને ઉક્ત બોનફાઇડમાં સહી કરી આપવામાં આવશે નહીં. **ગત વર્ષમાં** જે વિદ્યાર્થીઓએ **NSP પોર્ટલ** પર **અરજી કરી સ્કૉલરશિપ મેળવેલ હોય માત્ર તે વિદ્યાર્થીઓ જ આ રિન્યૂઅલ અરજી કરી શકે છે.** વધુ વિગતો માટે https://scholarships.gov.in પોર્ટલ પર મુકેલ ગાઇડલાઇન્સ જરૂર ચકાસવી. જેની સૌ ખાસ નોંધ લેશો.

## નેશનલ સ્કૉલરશિપ પોર્ટલ અંતર્ગત સ્કૉલરશિપ અરજી માટેના સ્વપ્રમાણિત ડોક્યુમેંટ્સ ની યાદી

૧. નિયત નમૂનાનું રિન્યૂઅલ અરજી માટેનું તમામ જરૂરી વિગતો ભરેલું ફોર્મ (વાલી તથા વિદ્યાર્થીની સહી સાથે)
૨. પોર્ટલ પરથી ડાઉનલોડ કરેલું વિગતો તથા **સહી સિક્કા વાળું બોનાફાઇડ સર્ટિફિકેટ**
૩. છેલ્લે **પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ** (**પાસ કરેલ તમામ સેમેસ્ટરની ઝેરોક્ષ**)
૪. **શાળા છોડ્યા પ્રમાણપત્ર** (લિવિંગ સર્ટિફિકેટ) ની **ઝેરોક્ષ**
૫. **વિદ્યાર્થી** તથા **પિતાના**/વાલીના **આધાર કાર્ડની ઝેરોક્ષ**
૬. **રેશન કાર્ડની ઝેરોક્ષ** (પ્રથમ પાનું તથા સભ્યોની વિગત દર્શાવતું પાનું)
૭. ચાલુ શૈક્ષણિક વર્ષની ભરેલ **ફી રીસિપ્ટની ઝેરોક્ષ**
૮. **વિદ્યાર્થીના** બેંક ખાતાની **પાસબૂકની ઝેરોક્ષ**
૯. પિતા/ વાલીના **આવકના તાજેતરનાં દાખલાની ઝેરોક્ષ** તથા વાલીના છેલ્લા **IT RETURN** ની ઝેરોક્ષ
   **(માત્ર ૨.૫૦ થી વધુ વાર્ષિક આવક મેળવતા વાલી માટે જ)**
૧૦. જ્ઞાતિનું પ્રમાણપત્ર (માત્ર **SC/ST/OBC કેટેગરીના વિદ્યાર્થીઓ માટે જ**)
૧૨. વિદ્યાર્થીના કોલેજના **આઈ–કાર્ડની ઝેરોક્ષ**
૧૩. **કોલેજ તરફથી આપેલ બાંહેધરી પત્રક** (વાલી તથા વિદ્યાર્થીની સહી સાથે)

**પ્રિન્સિપાલ, હરિવંદના કોલેજ**